



# ભલું થજો આ ભુકંપનું..

–સુધા મુર્તી

ભાવાનુવાદ : સોનલ મોદી

છવ્વીસમી જાન્યુઆરી 2001નો એ ગોઝારો દીવસ ગુજરાતના અને એમાંયે કચ્છ-ગુજરાતના લોકો તો ક્યારેય ભુલી નહીં શકે. કોઈ તાકીદ વગર ધરતીમાએ મોં ફાડ્યું અને હજારો લોકો તેમનાં ઘર–બાર, કુટુમ્બ–કબીલા–ઢોરઢાંખર સહીત તેમાં કોળીયો થઈ ગયાં. કરોડપતી રોડપતી થઈ ગયા ને રસ્તા પર સુઈ રહેવાનો વખત પણ કેટલાયને આવ્યો.

ભુકંપ બાદ વીશ્વભરમાંથી જે ઝડપથી મદદ મળી, તેમાં છાપાં, મૅગેઝીન, ટીવી, રેડીયો, તથા ઈન્ટરનેટ જેવાં સંદેશાવ્યવહારનાં બધાં જ સાધનોએ મોટો ભાગ ભજવ્યો. ટીવી ચેનલોએ અંતરીયાળ વીસ્તારોમાં જાનના જોખમે ફરી ફરીને વારંવાર ભુકંપની તારાજી બતાવી, જેથી અનેક સેવાકીય સંસ્થાઓ, સરકારી વીભાગો, સાધુ–સંતો, અને વીદેશી એન.જી.ઓ. ત્યાં વીજળીની ઝડપે પહોંચી ગયા. મારા જેવા કેટલાક લોકો, જે દેશના અન્ય ભાગોમાં સેવાકાર્ય કરે છે, તેમણે પણ કચ્છને જોવા–જાણવાનો અને ભુકંપની અસર નીહાળવાનો આ મોકો ઝડપી લીધો.

મીડીયા થોડું શાન્ત પડ્યું પછી હું કચ્છની મુલાકાતે ગઈ. ભાવનાઓની સરવાણી સુકાય પછી જ સચ્ચાઈ સામે આવતી હોય છે. અમદાવાદથી ભુજના મુખ્ય રસ્તા પરનાં ગામોને તો મદદ મળી હોય એમ લાગતું હતું; પરન્તુ અન્તરીયાળ વીસ્તારોનાં નાનાં કસ્બા–કુબાઓની હાલત હજીયે એમની એમ જ હતી. અમારી જીપ આવા એક નાનકડા ગામ નજીક જ હતી ત્યાં જ વ્હીલમાં પંક્ચર પડ્યું. ડ્રાઈવર કહે, ‘બહેન, સ્પેર વ્હીલ પણ કામ આપે તેમ નથી. તમે અહીં થોડીવાર થોભો તો હું છકડામાં મોટે ગામ જઈને પંક્ચર કરાવી આવું.’

થોડી વાર તો હું ઉભી રહી; પણ પછી કંટાળી. થોડે દુર કામચલાઉ તંબુ ઉભા કરેલા હતા. દરેક પર ભુરા પ્લાસ્ટીકના શેડ હતા બધાને બમણા પાકની આશા હતી. અને અંદર કોઈએ ઘર માંડ્યું હોય તેમ દેખાતું હતું. પછી તો કચ્છમાં ફરતાં ફરતાં મેં

જોયું કે, આવા ટેન્ટોમાં, સ્કુલો, હૉસ્પીટલો, હેલ્થ સેન્ટરો, ઘોડીયાંઘરો અને હૉટેલો સુધ્ધાં ચાલુ થઈ ગઈ હતી!

ઓગસ્ટ મહીનો હતો. ઘરનાં સ્ત્રીપુરુષો ખેતરોનાં કામમાં વ્યસ્ત હતાં. કુદરતી લીલાઓ પણ કેવી અપરમ્પારની હોય છે! વર્ષોથી કચ્છ સુકુંભઠ્ઠ હતું; પણ  આ વર્ષે મેઘરાજાએ મહેર કરી હતી. કુદરત પણ કેવી! એક હાથે લઈને બીજે હાથે છુટથી આપવાની તૈયારી કરી રહી હતી!

મેં સહેજ ચાલીને એક નજીકના તંબુમાં ડોકીયું કર્યું. ચૌદેક વરસની એક નાની છોકરી થાળીમાં ચોખા વીણતી હતી અને ચુલા પર ભાતનું આંધણ મુક્યું હતું. મને જોઈને ખુશખુશ થઈ ગઈ. ‘આવોને બહેન, અહીં આવો.’

મનેયે થયું, ચાલને જોઉં તો ખરી કે આ લોકો કેવી રીતે રહે છે. હું અંદર ગઈ. બધું સરસ, ચોખ્ખું હતું. તંબુની વચ્ચે સાડી બાંધીને ઘરના બે ભાગ કરેલા. મને બેસવા માટે તેણે ટીપોઈ જેવું કાઢી આપ્યું. છોકરીની ભાષા પરથી તે કચ્છની હોય તેવું નહોતું લાગતું.

છોકરી હાથામાં પાણીનો ગ્લાસ લઈને આવી. શું કરું? ગરમી તો બહુ જ હતી, તરસ પણ લાગી જ હતી. પણ થયું, કોણ જાણે કયા કુવાનું પાણી હોય? ચોખ્ખું હોય; નયે હોય! ઝાડા–ઉલટી–કમળો થઈ જાય તો? છોકરીએ પ્રેમથી ધરેલો ગ્લાસ મેં મારા હાથમાં તો લઈ લીધો; પણ પાણી પીધું નહીં. ટેન્ટમાં તેની બારેક વરસની બહેન હતી જે શાક સમારતી હતી અને સૌથી નાનો ભાઈ ઘોડીયામાં નીરાન્તે નીંદર ખેંચતો હતો.

મેં મોટી દીકરીને પુછ્યું, ‘બેટા, તમે આ કઈ ભાષા બોલો છો? કચ્છના નથી લાગતા. ક્યાંના છો?’

મોટી બહેન કાંઈ બોલે તે પહેલાં નાની બહેન સરળતા–સહજતાથી બોલી, ‘અમે ગુજરાતી નથી, અમે તો બૉમ્બેનાં છીએ.’

‘તમારા કોઈ સગાને મળવા આવ્યાં છો?’

‘ના, ના આન્ટી, આ અમારું જ ઘર છે. અમારાં પપ્પા–મમ્મી સાથે થોડા વખત પહેલાં જ અહીં આવ્યાં છીએ.’

મને ખુબ નવાઈ લાગી. કેમ કે, મોટાભાગે જ્યારે ભુકંપ જેવી કુદરતી આપત્તી આવે ત્યારે જે તે પ્રદેશના રહેવાસીઓ પણ ત્યાંથી ભાગી જતા હોય છે. જ્યારે આ તો આખું કુટુમ્બ મુંબઈથી અહીં આવી ગયું હતું!

‘તારા બાપુજી અહીં શું કરે છે?’ મેં પુછ્યું.

હવે બન્ને બહેનો વચ્ચે જવાબ આપવાની સ્પર્ધા થઈ. મોટીએ તક ઝડપીને કહ્યું, ‘અમારા બાપા તો મુમ્બઈમાં માહીમના ચર્ચ પાસે ખાડી નથી? ત્યાં રસ્તે ભીખ માગતા’તા ને મારી બા ચર્ચની બહાર મીણબત્તીઓ વેચતી’તી.

‘પછી તમે અહીં કેવી રીતે આવ્યાં?’

‘એક દા’ડો અમે ટીવી પર જોયું કે ગુજરાતના કચ્છમાં ધરતીકંપ થયો છે. આખો દા’ડો ને રાત એના એ જ સમાચાર દેખાડે. મારા બાપાના મગજમાં એકદમ ટ્યુબલાઈટ થઈ. અમને બધાંયને કહે, ‘અલ્યા, હાલો બધાંયે ગુજરાત.’

‘તે ટીકીટો કોણે લઈ દીધી તમને?’ મેં ભોળાભાવે પુછ્યું.

‘આવા વખતે ટીકીટનું કોણ પુછે? આન્ટી, આખી ટ્રેનનો કોઈ રણીધણી જ ન’તો. જાઓ ગુજરાત, જેને જવું હોય તે – મરો સંધાય. બધાંય અમારા જેવા જ ખુદાબક્ષ હતાં. સ્ટેશને સ્ટેશને માણસો તો માય નહીં; પણ ટીકીટચેકર એકેય ન’તો.’ નાની બોલી.

‘તમે છેક આ વીસ્તારમાં કેવી રીતે આવ્યાં.’

‘અમને તો અહીં કોઈ ઓળખે નહીં! મફતીયા જ ‘ભુજ’ લખેલી બસમાં ચડી બેઠાં. એય વળી કો’ક ભણેલાએ વાંચી આપ્યું. સામાન તો અમારે બહુ હતો નહીં. ભીખારીને વળી ભભકા કેવા? મારી બાજુમાં તો ચાર ભુરીયા(ફોરેનર્સ) બેઠેલા.. આન્ટી, મને ફોરેનની ચોકલેટો ને બે ફરાક ને આ બુટ–મોજાં આલ્યાં. અમે તો રસ્તામાં જ મેનરોડ પર ઉતરી ગયાં.

આખી વાર્તા સાંભળીને મારું કૌતુક વધતું જતું હતું. મેં પુછ્યું, 'પછી મેનરોડથી અહીં સુધી કેવી રીતે આવ્યાં?'

'એમાં શું? ચારે બાજુ 'જીપડાં' દોડતા'તાં. છકડાવાળાયે જ્યાં જવું હોય ત્યાં મુકી જાય. દયાધરમમાં કોઈ પૈસાનુંય નહીં પુછે. અને એ....ય.. દુનીયાભરમાંથી વસ્તુઓ આવતી'તી. ટ્રકોની ટ્રકો ઠલવાય ને પાછી જાય. જેને જે ઉઠાવવયું હોય તે ઉઠાવે. ન કોઈ પુછનાર ન કોઈ જોનાર.'

મને ગુરુ નાનકના શબ્દો યાદ આવી ગયા.

'રામ કી ચીડીયા રામ કા ખેત... ચુગ લો ચીડીયા ભરભર પેટ.' અહીં પણ એવી જ દશા હશે!

'બેટા, લોકો શું શું લાવતા હતા? તમને રસ્તા પરથી શું મળ્યું?' હવે મેંય પુછવામાં કાંઈ બાકી ન રાખ્યું.

'બહેન, મગજ ને સુખડી, ભાખરી ને થેપલાં, બીસ્કીટોનાં પેકેટ ને પેકેટ, જાતજાતનાં કપડાં, ધાબળા, પ્લાસ્ટીક, સ્ટવ, વાસણ–કુસણ.... અરે દવાઓ, ઈન્જેક્શની સોયું ને કંઈ કેટલુંય રસ્તા પર મુકી મુકીને ટ્રકો પાછી વળતી. મારા બાપાએ તો કહ્યું : ઉઠાવી લો, જેટલું ઉઠાવાય તેટલું.. બાપજન્મારામાંયે આવો ચાનસ (Chance) ફરી નહીં મળે. મુમ્બઈમાં તો અમને સાંજેય ઘણીવાર ખાવા ન'તું મળતું. અહીં તો બે વરસનું અનાજ, લોટ બધુંય વગર મહેનતે મળી ગયું છે.' મોટી દીકરી બધું ભોળાભાવે બોલ્યે જતી હતી. બાળકો જ્યાં સુધી પુખ્ત ન થાય, ત્યાં સુધી કેટલાં નીર્દોષ અને નીખાલસ હોય છે! મોટાં થાય એટલે મહોરાં પહેરવાં પડે અને જુઠાણાંનો સીલસીલો શરુ થાય. જીવનનો એક અત્યંત યાદગાર પ્રસંગ હોય તે રીતે આ છોકરી બધું વર્ણન કરતી હતી.

હવે નાનીએ શરુ કર્યું : આન્ટી, લોકો બહુ દુ:ખી હતાં. ચારે બાજુ એટલી વસ્તુઓ પડી'તી; પણ કોઈનાય લેવાના હોશકોશ ન'તા. કોઈનાં માબાપ મરી ગયાં હતાં, નાનાં

છોકરાં એકલાં એકલાં રડતાં'તાં. કેટલાયના હાથપગ તુટી ગયેલા. પણ આ સ્વામીજીઓ, આર્મીવાળા અને ડૉક્ટરોનું કે'વું પડે! રાતોની રાતો જાગીને બધું ઠેકાણે પાડ્યું છે.

'અમારે તો કોઈ તકલીફ જ ન'તી. અમારી પાસે હતું જ શું કે જાય? મારાં બા અને બાપુ આમ તો લાલચે અહીં આવેલાં; પણ અહીં આવીને અમને ઘર સોંપીને એ બેઉ પણ સેવામાં લાગી ગયાં. બાપુને કોઈએ કહ્યું કે : અંદરનાં ગામોમાં જા. ત્યાં ઠાઠડીને ખભો દેવાવાળુંય કોઈ નથ. એટલે અમે અહીં આવી ગયાં. કોઈ સેવાભાવી સંસ્થાવાળા અહીં પણ આવી ચડ્યાં ને આ વાંસના ટેકા, પ્લાસ્ટીક, ઘરવખરી ને તંબુ વહેંચ્યા. તે અમારુંય ઘર થઈ ગયું. બહેન, આ બાજુમાં છે ને, તે ઘર પણ અમારું જ છે.'

હું સડક થઈ ગઈ! મુમ્બઈના ભીખારીના નસીબમાં બબ્બે ઘર! ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ...

'બહેન, એક લાઈનમાં બાપા ઉભા રહ્યા ને બીજીમાં બા. જમીનની તો અહીં કોઈ કીમ્મત જ નહીં. કોઈ પુછતુંય ન'તું. અમે તો જોતજોતામાં બે ઘર ઉભાં કરી દીધાં. આ બાજુનું તો ભુરીયાને ભાડે આપ્યું છે. એ લોકો ભુકંપ વીશે 'ચોપડી' લખે ને 'ફોટા' પાડે.'

'તે તમે હવે અહીં જ રહેવાનાં?' મારાથી પુછાઈ ગયું.

'હાસ્તો! અમારા બાપુને મુમ્બઈમાં દમનો વ્યાધી હતો. શ્વાસ લેવાનીયે ચોમાસામાં તકલીફ પડે. ખાવાનાંય સાંસાં. એક સાંધો ત્યાં તેર તુટે એવી હાલત. આ કચ્છની સુકી અને ચોખ્ખી હવામાં બાપાને એકય વાર શ્વાસ નથી ઉપડ્યો. બાપા બાજુના ખેતરમાં ગણોતીયા તરીકે જાય છે. બા પણ જોડે જ જાય. રોજના બસોત્રણસોનું કામ મળી જાય. વળી, સરકાર નવાં ઘરો બાંધે છે તેમાં પાણી છાંટવા હું ને મારી બહેન જઈએ. અમે ચારેય કમાઈએ છીએ. 'ભલું થજો આ ભુકંપનું', બહેન!'

મોટીબહેને નાનીબહેનને ઓર્ડર કર્યો : 'ક્યારની ઉભી છે, તે જોતી નથી? બહેન માટે ચા અને બીસ્કીટ લાવ.'

હું કેવી ચા પીશ એ તો તેણે ન પુછ્યું; પણ સવાલ કર્યો, ‘કયાં બીસ્કીટ ખાશો? ગળ્યાં, ખારાં કે ક્રીમવાળાં?’

‘હેં? તારી પાસે વેરાયટી છે, બીસ્કીટમાં?’ મેં પુછ્યું. તેણે તંબુની વચ્ચે સાડી બાંધી બનાવેલો પડદો ઉંચો કર્યો અને એ દૃશ્ય જોઈને મારી આંખો ચાર થઈ ગઈ!

દેશી–વીદેશી બીસ્કીટો, મીનરલ વોટરની બોટલ્સ, નવાં ને નવાં વાસણ, પ્રાયમસો, પતરાંની નવીનક્કોર પેટીઓ, ભુરા પ્લાસ્ટીકના રોલ... જાણે અલીબાબાના ચાલીસ ચોરની ગુફાનો દરવાજો ખુલ્યો હોય તેમ લાગતું હતું!

છોકરી કહે, ‘આ ધરતીકંપ થયો ત્યારથી મારી મા કુવે ગઈ જ નથી. અમે બધાંય બીસ્લેરી જ પીએ છીએ. શી ખબર કોઈ પરદેશીઓએ આખું જહાજ ભરીને આ બાટલા મોકલી દીધા હશે...’ પાણીના બાટલા તો બીસ્લેરી જેવા જ લાગતા હતા; પરન્તુ તેમાંથી અનેકગણા મોંઘા ફ્રાન્સની evian કંપનીના હતા.

છોકરી કહે, ‘તમને આપ્યું છે તેય બીસ્લેરી જ છે હોં કે, પીઓ તમતમારે, ગભરાતા નહીં’

મેં પેલો ગ્લાસ ગટગટાવ્યો. બીજો ગ્લાસ પણ માંગ્યો.

–સુધા મુર્તી

**સુધા મુર્તી** લીખીત **‘અત્ર તત્ર સર્વત્ર’** (પ્રકાશક : આર. આર. શેઠ, મુમ્બઈ (022 - 2201 3441) અને અમદાવાદ (079 - 2550 6573) Website : www.rrsheth.com eMail : sales@rrsheth.com ; પૃષ્ઠ સંખ્યા : 160 કીમત : રુપીયા 175; પ્રથમ પ્રકાશન : જાન્યુઆરી, 2019)માંથી પાન 66થી 70 ઉપરથી સાભાર... ..ઉ.મ..

'સન્ડે ઈ.મહેફીલ'ને આ નવું પુસ્તક તાત્કાલીક મેળવી આપવા બદલ અમેરીકાવાળા **પ્રેમભાઈ પટેલ**નો ને તેટલી જ ત્વરાથી તે મોકલી આપવા બદલ પ્રકાશક **આર. આર. શેઠ**નો ખુબ ખુબ આભાર. ..ઉત્તમ.મધુ ગજ્જર..

♦●♦


સન્ડે ઈ.મહેફીલ' – વર્ષઃ પંદરમું – અંકઃ 434 –Septembar 01, 2019

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com


@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,65,86,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,38,91,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com


More than 10,94,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,17,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@


સુધા મૂર્તિ. એક એવું નામ જે દરેક ગુજરાતી ઘરમાં આદરથી લેવાય છે.
પોતાની સાદી, સરળ અને હૃદય સોંસરવી ઉતરી જાય એવી
મધુર અને સચ્ચાઈભરી ભાષાને કારણે લાખો વાચકો માટે તેઓ
સવાયા ગુજરાતી તરીકે પ્રેમ પામ્યાં છે.

દરેક ગુજરાતીને સુધા મૂર્તિ કેમ પોતાનાં લાગે છે?
શા માટે અનેક લોકોનાં રોલમોડલ તેઓ બની શક્યાં?
પોતાનાં સંઘર્ષના સમયમાં કેવી રીતે તેઓ પોતાની નીતિમત્તા અને
દૃઢ મનોબળને કારણે સફળતા મેળવી શક્યાં?
હવે તેમની પાસે અખૂટ સંપત્તિ હોવા છતાં કેવી રીતે
સાદગીભર્યું અને સંતોષી જીવન તેઓ જીવી શકે છે?
જ્ઞાન, ધીરજ, નમ્રતા, હિંમત, શાંતિ, અનુભવ, સ્મિત, સહનશક્તિ,
પ્રેમ, સંવેદના, સંસ્કાર, વાંચન અને સેવા જેવાં અનેક ગુણોએ
એમનાં જીવનમાં શું ભાગ ભજવ્યો છે?

આવા અનેક પ્રશ્નોના જવાબો આ પુસ્તકમાં ઠેરઠેર મળશે.
વર્ષોના અનુભવો બાદ સુધા મૂર્તિએ જીવનમાંથી વીણેલી, ગૂંથેલી
અદ્ભુત વાતો આ પુસ્તકમાં કરવામાં આવી છે.
તેમનાં અત્યાર સુધીનાં અનેક લખાણોમાંથી
Best of the Best લખાણો પસંદ કરીને અહીં મૂકાયાં છે.
આ પુસ્તક તમે તો વાંચજો જ, પણ તમારાં સંતાન, શિક્ષક,
સહકર્મચારી અને એ દરેક વ્યક્તિને વંચાવજો જે
તમારા જીવન સાથે કોઈકને કોઈક રીતે જોડાયેલાં છે.

જીવનમાં સફળતા અને સાર્થકતાનો અનેરો સંગમ
અહીં પાનેપાને અનુભવાશે.

આ જ લેખક દ્વારા...

સુધા મૂર્તિ
જીવનની વાત

સુધા મૂર્તિ

નોખી
માટીના જીવ
સુધા મૂર્તિ

eBook Available on kindle Google Play Books

Online Bookstore www.rrsheth.com
ISBN : 978-93-5122-860-8

₹ 175

@@@@@@@@@
2019-09-01
'Sunday eMahefil'-434